### ઉદ્યોગોને ધમધમતા કરવા માટે

# વાયોરથી કોટેશ્વર સુધી નવી રેલ્વે લાઈન ઉભી કરવા ચક્રો ગતિમાન

ભુજ : પાકિસ્તાનની સરહદને અડીને આવેલા કચ્છ જિલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી રેલ્વે લાઈન ઉભો કરવાનો



## ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ અને ફોકિયા દ્વારા સમગ્ર આયોજન ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનશે નવી બ્રોડગેજ લાઈન : ૪૩ કિ.મી.ના અંતરનું કામ ચાર વર્ષમાં થશે પૂર્ણ

પ્રોજેક્ટ બનાવાયો છે. હાલ પ્રાથમિક સર્વે કરાયા બાદ આજે જીઆઈડીબી અને ફોકિયા તેમજ અન્ય કંપનીઓના પ્રતિનિધિઓ સમક્ષ સમગ્ર રિપોર્ટ મુકવામાં આવ્યો હતો અને કંપનીઓના પ્રતિનિધિઓએ પોતાના મંતવ્ય આપ્યા હતા. અબંડાસા - લખપત પંથકને વિકસીત કરવા માટે નવી રેલ્વે લાઈન મુખ્ય ભૂમિકા ભજવશે.

આ રિપોર્ટ મુજબ ૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર નવા રેલ્વે પ્રોજેક્ટમાં ચાર રેલ્વે સ્ટેશન આપવામાં આવ્યા છે. બોર્ડર ટુરીઝમ અને ડિફેન્સ માટે આ નવી રેલ્વે લાઈન આશિર્વાદ સમાન બની રહેશે તેવી આશા વ્યકત કરાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજયના કચ્છી મંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, કચ્છના વિકાસ માટે કેન્દ્રની મોદી સરકાર અને રાજ્યની રૂપાણી સરકાર તત્પર છે અને દેશનાં પશ્ચિમના છેવાડાના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર મદદરૂપ બનશે. હાલ અબડાસા વિસ્તારમાં ૩ મોટા સિમેન્ટના ઉદ્યોગો કાર્યરત છે અને નવા ત્રણ પ્લાન્ટ આગામી ટુંક સમયમાં સ્થાપનાર છે ત્યારે ઉદ્યોગો માટે રેલ્વેની નવી લાઈન ફાયદાકારક સાબીત થશે. સાથે જ બોર્ડર વિસ્તાર હોવાથી ડિફેન્સ માટે પણ નવી લાઈન કારગત નિવડશે. રેલ્વે લાઈન સ્થાપ્યા બાદ નવા ઉદ્યોગો પણ લખપતમાં સ્થાશે જેથી કચ્છને મોટો ફાયદો થશે. આ સમગ્ર લાઈન માટે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડ આર્થિક રોકાણ કરશે. આ કાર્યક્રમમાં ભુજના ધારાસભ્ય નિમાબેન આચાર્ય, ફોકિયાના એમડી નિમિશ ફડકે, જીઆઈડીબીના ઝેડ.એ. ખાન, એ.એન. કેસકર સહિત જીએમડીસી, અદાણી, જેએસડબલ્યુ સિમેન્ટ, શ્રી સિમેન્ટ, વડરાજ સિમેન્ટ, સાંઘી સિમેન્ટ, ગુજરાત ટુરિઝમ તેમજ રેલ્વે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## રાજ્યંમાં પાંચ નવી સરકારી પોલિટેકનિક કોલેજ સ્થપાશે

અમદાવાદ : કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં નવી ૩૦૦ સરકારી પ ોલિટેકનિક કોલેજ શરૂ કરાશે, જેમાં ગુજરાતમાં ૫ નવી પોલિટેકનિક કોલેજનો પણ સમાવેશ થાય છે. નવી સરકારી પોલિટેકનિક નર્મદા, તાપી, જૂનાગઢ, ખેડા અને નવસારી જિલ્લામાં સ્થપ ાશે. સરકારે અત્યાર સુધીમાં નવી પોલિટેકનિક માટે રૂ.૩૨.૧૨ કરોડના અનુદાનની ફાળવણી કરી છે. અંત્યારે દેશમાં ૩૭૧૯ સરકારી પોલિટેકનિક કોલેજ છે જેમાંથી ૧૩૨ ગુજરાતમાં છે. કેન્દ્રીય કૌશલ્ય સંવર્ધન અને ઉદ્યોગ સાહસિકતા રાજ્ય મંત્રી અનંતકુમાર હેગડેએ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી.

Scanned by CamScanner